વાદ-વિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે

દર મહિનાની ૧૦ અને ૨૫મી તારીખે પ્રગટ થતું પાક્ષિક

Webportal : www.aazadkalam.com

R.N.I. NO. .: GUJGUJ/2022/83095

UDAYM-GJ-01-0271461

# આઝાદ કલમ

(પાક્ષિક)

EDITOR : KRIPASHANKAR H. VERMA (M. 98259 30418)

EDITOR IN CHIEF : HAMIRBHAI N. PARMAR (M. 81601 42707)

AAZAD KALAM (Fortnightly)

VOL.NO. : 3 ★ Issue No. : 16 ★ DATE :10-02-2025, Monday ★ PAGE : 4 ★ PRICE : 2/- ★ Annual Subcription : 50/-

Place of Publication : 262, Shri Ganeshnagar, Visat Cross Road, Sabarmati, Ahmedabad-380005 ★ E-mail : aazadkalam6522@gmail.com

# દિલ્હીમાં ૨૭ વર્ષના વનવાસનો આવ્યો અંત : કમળ ખીલ્યું




નવી દિલ્હી,

વિધાનસભા ચૂંટણીમાં ભાજપે શાનદાર જીત મેળવીને ઈતિહાસ રચ્યો છે. તે જ સમયે, પ્રામાણિકતા અને સ્વચ્છ રાજકારણના પ્રતિનિધિ હોવાનો દાવો કરતી આમ આદમી પાર્ટી (AAP) ને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. એક તરફ AAPની આ હારથી લોકોનો આંદોલનમાંથી ઉભરી આવેલી પાર્ટી પ્રત્યેનો મોહભંગ સાબિત થયો છે, તો બીજી તરફ તેણે ફરી એકવાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અને તેમની ગેરંટીની પુષ્ટિ કરી છે.દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપની પ્રચંડ બહુમતી સાથે જીત જોવા મળી છે. આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની સૌથી વીવીઆઈપી સીટ નવી દિલ્હી પર પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને ભાજપના ઉમેદવાર પરવેશ વર્માએ હરાવ્યા જ્યારે જંગપુરામાંથી મનિષ સિસોદિયા ચૂંટણીની જંગ હાર્યા છે. કોંગ્રેસ આ વખતે પણ ખાતું ખોલાવી શકી નથી. દિલ્હીમાં ૧૯૯૩ બાદ પ્રથમ વખત ભાજપ જીતી છે. અરવિંદ કેજરીવાલ ૨૦૧૩થી દિલ્હીમાં શાસન કરી રહ્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણીની ૫૫ બેઠકોના પરિણામ જાહેર થઈ ગયા છે. જેમાં ભાજપે ૩૬ બેઠકો પર જીત મેળવી છે, જ્યારે AAP એ ૧૯ બેઠકો પર જીત હાંસલ કરી છે. હજી ૧૫ બેઠકોના અંતિમ પરિણામ આવવાના બાકી છે. જેમાં આપ ચારમાં અને ભાજપ ૧૧માં લીડ કરી રહ્યું છે. ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ, ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને તેમના કેબિનેટ સાથી સત્યેન્દ્ર જૈન સહિત AAPના અગ્રણી નેતાઓને ભ્રષ્ટાચારના આરોપસર જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં AAPના સ્પષ્ટવક્તા નેતા સંજય સિંહ પણ જેલના સળિયા પાછળ ગયા. પ્રાથમિક પુરાવા મજબૂત હોવાથી, કોર્ટે આ આરોપીઓને ઘણી વખત જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ તેઓ પોતાને કટ્ટર પ્રમાણિક ગણાવતા રહ્યા. આનાથી જનતાનો વિશ્વાસ તૂટી ગયો.

અરવિંદ કેજરીવાલ પહેલી વાર સત્તામાં આવ્યા પછી મોટા કામ કરવાના દાવા કરી રહ્યા છે, પરંતુ તેમની સરકારનું કામ જમીની સ્તરે દેખાતું નથી. આના ઘણા ઉદાહરણો છે, જેમ કે દરેક ચૂંટણીમાં તેઓ યમુના નદીની સફાઈ વિશે કહેતા હતા કે આ વખતે તેઓ બધાને યમુનામાં ડૂબકી લગાવશે, પરંતુ તેઓ ૧૦ વર્ષમાં કોઈ કામ કરી શક્યા નથી. દિલ્હીને પેરિસ બનાવવાના સપના દેખાડનાર આમ આદમી પાર્ટીએ રાજધાનીને બરબાદ કરી દીધી છે. તૂટેલા રસ્તાઓ, નબળી સ્વચ્છતા વ્યવસ્થા, દિલ્હીમાં ગંદા પાણીનો પુરવઠો, તમામ વિકાસ કાર્યોમાં સ્થગિતતા અને તેના ઉપર ભ્રષ્ટાચારને કારણે લોકોનો AAP પ્રત્યેનો આકર્ષણ ઓછો થઈ ગયો છે.

દિલ્હીમાં વિવિધ સ્થળોએ દારૂની દુકાનો ખોલનાર પાર્ટીના મોહલ્લા ક્લિનિકને પણ બરબાદ કરી નાખ્યું. મોહલ્લા ક્લિનિકમાં પરીક્ષણ અને સારવારના નામે લૂંટફાટના આરોપો અને થોડા સમય પછી તેની બગડતી હાલતને કારણે જનતાનો કેજરીવાલ પરથી વિશ્વાસ ઉઠી ગયો.

સ્વચ્છ રાજકારણનો દાવો કરીને સત્તામાં આવેલા AAPના કન્વીનર અરવિંદ કેજરીવાલ બંગલો, લાલ બત્તીવાળી કાર અને અન્ય વૈભવી સુવિધાઓ ન હોવાની વાત કરતા હતા, પરંતુ તેમણે પોતાના માટે કરોડો રૂપિયાનો વૈભવી શીશ મહેલ બનાવડાવ્યો. એટલું જ નહીં, તેણે લાલ બત્તીના વાહનથી લઈને સુરક્ષા અને કર્મચારીઓ સુધી બધું જ પોતાની સાથે રાખ્યું. આના કારણે, કેજરીવાલની છબી ટર્નકોટ જેવી બની ગઈ. દિલ્હીના લોકોને કેજરીવાલના દાવા ખોટા લાગવા લાગ્યા. દિલ્હી સરકારની જવાબદારી હતી તે કામ માટે ભાજપ પર બિનજરૂરી રીતે દોષારોપણ કરીને, લોકો વિચારવા લાગ્યા કે તેઓ કયા સ્તરનું રાજકારણ કરી રહ્યા છે. ક્યારેક હરિયાણાની ભાજપ સરકાર દ્વારા યમુનાને ઝેરી કરવાની વાત કરવામાં આવે છે, તો ક્યારેક દિલ્હીમાં પાણીની અછત માટે ભાજપ સરકારને દોષી ઠેરવવામાં આવે છે. કોરોના સમયગાળા દરમિયાન પણ, કેજરીવાલે અસુવિધાઓ માટે ભાજપને દોષ આપવાનું શરૂ કર્યું હતું. દિલ્હીમાં AAP પાર્ટી ૧૦ વર્ષ સુધી સત્તામાં રહી, પરંતુ આ સમયગાળા દરમિયાન ન તો ભ્રષ્ટાચાર અપેક્ષા મુજબ ઘટ્યો કે ન તો દિલ્હીમાં કોઈ મોટો ફેરફાર થયો. જનતાને લાગવા લાગ્યું કે દિલ્હીનો વિકાસ અટકી ગયો છે. જનતાએ મફત વીજળી અને પાણીની લાલચ પણ છોડી દીધી. બાકીનું કામ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આપ સરકાર આવતાં પૂર્ણ થયું.

## દિલ્હીમાં ભાજપની જીત બાદ મોદીએ આપી ગેરંટી

# અમે દિલ્હીની ચારેબાજુ વિકાસ અને અહીંના લોકોનું જીવન ઉત્તમ બનાવવા માટે કોઈ કસર બાકી રાખીશું નહીં : મોદી



નવી દિલ્હી,

દિલ્હીમાં ભાજપની જીત પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, જનશક્તિ સર્વોપરી! વિકાસ જીત્યો, સુશાસનની જીત થઈ. દિલ્હીમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવવા બદલ તમામ દિલ્હીવાસીઓને મારા વંદન અને અભિનંદન. તમે જે અતૂટ વિશ્વાસ અને સ્નેહ વરસાવ્યો છે. તેના બદલ આભાર. અમે દિલ્હીની ચારેબાજુ વિકાસ અને અહીંના લોકોનું જીવન ઉત્તમ બનાવવા માટે કોઈ કસર બાકી રાખીશું નહીં. આ અમારી ગેરેંટી છે. અમે સુનિશ્ચિત કરીશું કે, વિકસિત ભારતના નિર્માણમાં દિલ્હીની ભૂમિકા મહત્ત્વની બને.

મને ભાજપના બધા કાર્યકર્તાઓ પર ગર્વ છે. જેમણે આ પ્રચંડ જનાદેશ માટે દિવસ-રાત એક કરી દીધા હતા. અમે હવે વધુ મજબૂતી સાથે દિલ્હીવાસીઓની સેવામાં સમર્પિત રહીશું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને કહ્યું કે દિલ્હીના દિલમાં મોદી છે, 'દિલ્હીમાં જુઠ્ઠાણાના શાસનનો અંત આવ્યો છે.' આ અહંકાર અને અરાજકતાનો પરાજય છે. આ પ્રચંડ જનાદેશ માટે દિલ્હીના લોકોનો હૃદયપૂર્વક આભાર.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડાએ લખ્યું, "આપ-દા દિલ્હી મુક્ત! આજે, દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ વિજય એ પીએમ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન, ગરીબોના કલ્યાણ, અંત્યોદય અને વિકાસલક્ષી નીતિઓ માટે લોકોના અતૂટ સમર્થનનો વિજય છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામોમાં ભાજપને ૪૮ બેઠકો મળી છે. બહુમતીનો આંકડો ૩૬ છે. ભાજપ હવે પોતાના દમ પર સરકાર રચશે.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બાદ AAP સુપ્રીમો કેજરીવાલે શુભકામના પાઠવી છે. તેમણે કહ્યું છે, કે હું જનાદેશ વિનમ્રતાથી સ્વીકારું છું, ભાજપને જીતની શુભકામના. આશા છે કે ભાજપ જનતાની આશા અપેક્ષા પૂર્ણ કરશે.જો દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોની વાત કરીએ તો, હાલ સુધીમાં ભાજપે ૩૬ બેઠકો જીતી લીધી છે અને ૧૧ બેઠક પર લીડ સાથે ભાજપે બહુમતી મેળવી લીધી છે. જ્યારે આમ આદમી પાર્ટીએ ૧૯ બેઠક જીતી લીધી છે અને ૪ બેઠક પર લીડમાં છે. તો બીજી તરફ કોંગ્રેસ પોતાનું ખાતું પણ ખોલાવી શકી નથી. સતત ત્રીજી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ એકપણ બેઠક મેળવી શકી નથી.



નોંધણી વગર પ્રિ સ્કુલ ચલાવવાની ચીમકી

# પ્રિ-સ્કુલના નિયમો મામલે સંચાલક મંડળ સરકાર સામે પડ્યું

અમદાવાદ,

છેલ્લા ઘણા સમયથી પ્રિ સ્કૂલ મામલે ચાલી રહેલો મુદ્દો હજુ પણ ઉકેલાયો નથી અને નિયમો મામલે હજુ પણ મડાગાંઠ યથાવત છે. ત્યારે સરકાર દ્વારા નોંધણીના નિયમો જાહેર નહિ કરતા સંચાલક મંડળમાં નારાજગી છે. આ મામલે સરકારને હવે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. જો સમય મર્યાદામાં નિયમો જાહેર નહિ કરવામાં આવે તો આખરે શાળા સંચાલક મંડળએ નોંધણી વગર જ પ્રિ સ્કુલ ચલાવવાની ચીમકી ઉચ્ચારી છે. રાજકોટમાં બનેલા અગ્નિકાંડ બાદ એક પછી એક શાળા અને ત્યાર બાદ પ્રિ સ્કૂલોમાં વિદ્યાર્થીઓની સલામતીને લઈને તંત્ર દ્વારા શાળાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. કેટલીક જગ્યાએ તો પ્રિ પ્રાયમરી સ્કૂલોને સીલ પણ કરી દેવાઈ હતી. ત્યાર બાદ આ મામલે નિયમો જાહેર કરવાનું અનેકવાર રજુઆતો પ્રિ પ્રાયમરી સ્કૂલના સંચાલકો અને શાળા સંચાલકો દ્વારા કરવામાં આવી હતી. તેમ છતાં આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી. બીજીતરફ ગત જાન્યુઆરી માસમાં શાળા સંચાલક મંડળએ આ મામલે બેઠક પણ કરી હતી. ત્યારે આ બેઠકને એક મહિનો થવા છતા સરકાર દ્વારા કોઈ નિર્ણય નહિ લેવાતા આખરે શાળા સંચાલક મંડળએ નોંધણી વગર પ્રિ સ્કૂલ ચલાવવાની ચીમકી આપી છે. આ અંગે શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું કે, ચીમકીનો કોઈ પ્રશ્ન નથી જ્યારે સરકાર અને શિક્ષણ વિભાગ કોઈ પણ ઠરાવ તૈયાર કરે તે ઠરાવ કરતા પહેલા જે બેનિફિશિયરી કે જે સ્ટેક હોલ્ડર છે તેમનો પણ અભિપ્રાય લેવો જોઈએ. જ્યારે ઠરાવ કરવામાં આવ્યો ત્યારે અમને એવું લાગે છે કે ક્યાંક તો જાણી જોઈને કે ક્યાંક તો અજાણતા મુશ્કેલીઓ ઉભી કરવામાં આવી છે. જેમ કે ૧૫ વર્ષનો રજીસ્ટર ભાડા કરાર કરવાનો હોય સ્વાભાવિક છે કે, ૧૦ વર્ષ કરતા ૬ ટકા સ્ટેમ્પ ડ્યુટી ભરવાની થાય અને ૧૦ વર્ષ કરતા વધુ હોય તો ૧૨ ટકા સ્ટેમ્પ ડ્યુટી થાય. અને આજના સમયમાં ૧૫ વર્ષનો ભાડા કરાર કોઈ ભાડે આપે તે શક્ય નથી. બીજી બાબત એ કે શાળાની નોંધણી હોય ત્યારે અહી પરિપત્રમાં લખ્યું છે કે, પ્રત્યેક વર્ગ દીઠ ૫ હજાર ભરવાના થશે અહીં વર્ગની નોંધણી ના હોય શાળાની નોંધણી હોય. એ પણ ખોટી બાબત હતી અને એ ૧ જાન્યુઆરીએ અધિકારીઓ સાથેની બેઠકમા તેઓએ સ્વીકાર્યું કે શાળાની નોંધણીમાં ૧૦ હજાર લઈશું અને ૫ વર્ષનો ભાડા કરાર લઈશું તેમ જ છ મહિનાનું એક્સટેન્શન આપવાની પણ વાત થઈ હતી પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી ત્યારે અમારા સંચાલકોને જણાવ્યું છે કે પ્રિ પ્રાયમરી નોંધણી કરાવ્યા વગર જેમ સ્કલ ચાલવતા હતા તેમ ચલાવો. કંઈ થશે તો નામદાર હાઈકોર્ટમાં આ શિક્ષણ વિભાગના ઠરાવને પડકારી તેમાં સુધારો કરાવ્યા પછી જ તેની અમલવારી કરાવીશું.

શ્વાસ લેવામાં તકલીફ થાય તો ચેતી જજો

# પહેલીવાર માણસમાં જોવા મળ્યો કેમ્પ હિલ વાયરસ

### શ્વાસ લેવામાં તકલીફ, મગજમાં સોજો અને વ્યકિત કોમામાં પણ જઇ શકે છે : અમેરિકામાં ડિટેક્ટ થયો આ વાયરસ

નવી દિલ્હી,

વિશ્વ સમક્ષ નવા રોગચાળાનો ભય ઉભો થયો છે. કોરોના, નિપાહ બાદ નવો ખતરનાક વાયરસ આવ્યો છે. ઉંદરોથી માણસમાં ફેલાતો સીએચવી વાયરસ અમેરિકામાં પ્રથમ વખત જોવા મળ્યો છે. ઉંદરોથી માણસોમાં ફેલાતો ખતરનાક કેમ્પ હીલ વાયરસ (સીએચવી) અમેરિકાના અલબામામાં પ્રથમ વખત જોવા મળ્યો છે. વૈજ્ઞાનિકો આ ઘટનાને ચિંતાની નજરે જોઈ રહ્યા છે. વિશ્વમાં માનવોમાં આ વાયરસ ખતરનાક રીતે ફેલાય તેવી ભીતિ છે. આ વાયરસ ગંભીર શ્વસન બિમારી અને મગજમાં એક પ્રકારનો સોજો પેદા કરી શકે છે જેને એન્સેફાલીટીસ તરીકે ઓળખવામાં આવે છે.

કેમ્પ હિલ વાયરસ અમેરિકામાં પ્રથમ વખત ઓળખવામાં આવ્યો હતો, જે હેનીપાવાયરસ પરિવારનો હોઈ શકે છે. આ વાયરસ ઉંદરોથી માણસોમાં ફેલાઈ શકે છે, જેણે વૈજ્ઞાનિકોમાં ચિંતા વધારી છે. હેનીપા વાયરસમાં અત્યંત ઘાતક નિપાહ વાયરસનો સમાવેશ થાય છે, જેણે દક્ષિણ-પૂર્વ એશિયામાં ડરનો માહોલ પેદા કર્યો હતો. જ્યારે કેમ્પ હિલ વાયરસ મનુષ્યમાં ક્યારેય નોંધાયો નથી, ત્યારે નવા ભૌગોલિક વિસ્તારમાં તેની હાજરી મળી આવતા વૈજ્ઞાનિકોએ તેની સામે ચેતવણી આપી છે.

વાયરસની હાજરીની પુષ્ટિ કરનારા સંશોધકોએ કહ્યું કે, ઉંદરો મનુષ્યોમાં ચેપ ફેલાવી શકે છે. કેમ્પ હિલની સૌથી નજીકનો વાયરસ જે મનુષ્યોને ચેપ લાગ્યો છે તે લેંગ્યા વાયરસ છે, જે મોલ્સથી ચીનમાં લોકોમાં ફેલાય છે. જે તાવ, થાક અને લીવરની તકલીફ જેવા લક્ષણોનું કારણ બને છે. નિપાહ અને હેન્ડ્રા સહિતના અન્ય હેનીપાવાયરસમાં મૃત્યુદર ૭૦ ટકા સુધીનો છે અને તે શ્વાસ લેવામાં તકલીફ, મગજનો સોજો, હુમલા અને કોમાનું કારણ બની શકે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) અનુસાર, ચીનના સંશોધકો દ્વારા લેંગ્યા વાયરસને નવા ઝૂનોટિક હેનીપાવાઈરસ તરીકે ઓળખવામાં આવ્યો હતો, જે તાવગ્રસ્ત માનવ રોગ સાથે જોડાયેલો છે. એપ્રિલ ૨૦૧૮ થી ઓગસ્ટ ૨૦૨૧ દરમિયાન કરવામાં આવેલા સર્વે મુજબ, કેટલાક દર્દીઓ અને એક પ્રાણીની વસ્તીમાં લેંગ્યા વાયરસ જોવા મળ્યો છે. આ સેન્ટિનલ સર્વેલન્સ પ્રોજેક્ટની બહાર કોઈ કેસ નોંધાયા નથી. રિસર્ચ પેપરમાં સંશોધકોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે અમેરિકામાં હેનીપાવાયરસની શોધ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે દર્શાવે છે કે આ વાયરસ વૈશ્વિક સ્તરે પહેલા કરતાં વધુ વિતરિત થઈ શકે છે.

સંશોધકોના તાજેતરના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે હેનીપાવાયરસ સાથે સંકળાયેલા ખૂબ ઊંચા મૃત્યુદરને જોતાં, કેમ્પ હિલ વાયરસની શોધ ભૂતકાળ અને સંભવિત ભવિષ્યની ઘટનાઓ વિશે ચિંતા ઉભી કરે છે. જો કે, વૈજ્ઞાનિકો ભારપૂર્વક જણાવે છે કે વાયરસ માનવો માટે સીધો ખતરો છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે વધુ સંશોધનની જરૂર છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) હેનીપાવાયરસને સર્વોચ્ચ પ્રાથમિકતાના રોગકારક અને વૈશ્વિક જાહેર આરોગ્ય માટે મોટો ખતરો માને છે. હેનીપાવાયરસ એ વાયરસનું એક જૂથ છે જે મનુષ્યો અને પ્રાણીઓમાં ગંભીર શ્વસન અને ન્યુરોલોજીકલ રોગનું કારણ બની શકે છે.

હેનીપાવાયરસ માટે કોઈ જાણીતી સારવાર અથવા રસી નથી. કેમ્પ હિલ વાયરસ અગાઉ માત્ર ઓસ્ટ્રેલિયન ફળ ખાનાર ચામાચીડિયા દ્વારા ફેલાય છે તેવું માનવામાં આવતું હતું, પરંતુ ઉત્તર અમેરિકાના શ્રુસમાં તેનો દેખાવ સૂચવે છે કે વાયરસ અગાઉના વિચાર કરતાં વધુ વ્યાપક રીતે ફેલાય છે.

જો કે મનુષ્યોમાં હજુ સુધી કોઈ કેસ નોંધાયા નથી, નિષ્ણાતો કહે છે કે ભવિષ્યમાં ફાટી નીકળતા અટકાવવા માટે વાયરસ અને તેનાથી થતા જોખમોને સમજવું મહત્વપૂર્ણ છે.

અવૈધ સંબંધની જાણ થતાં તળાવમાં ધક્કો મારી હત્યા

# સગીર પુત્રએ પિતાની પ્રેમિકાને મોતને ઘાટ ઉતારી

### સગીર પુત્રને તેના પિતાના અવૈધ સંબંધની જાણ થતા પુત્રએ તેના પિતાની પ્રેમિકાને તળાવમાં ફેકીને મોતને ઘાટ ઉત્તારી છે

ગોંડલ,

ગોંડલમાં એક અઠવાડિયા પહેલા પુત્રને તેના પિતાના અવૈધ સંબંધની જાણ થતા પુત્રએ તેના પિતાની પ્રેમિકાને તળાવમાં ફેકીને મોતને ઘાટ ઉત્તારી હતી. ગોંડલના વેરીતળાવમાં એક અઠવાડિયા પહેલાં મળી આવેલી મહિલાની લાશનો ભેદ રાજકોટ રૂરલ LCBએ ઉકેલ્યો છે.

મૃતક દીપાબેન સોલંકી (ઉ.વ.૨૫)ની હત્યા તેના પ્રેમી હબીબશા શાહમદારના સગીર પુત્રએ કરી હોવાનું સામે આવ્યું છે. સગીર પુત્રને પિતાના અવૈધ સંબંધની જાણ થતાં તેણે પિતાની પ્રેમિકાને તળાવમાં ધક્કો મારી મોતને ઘાટ પહોંચાડી દીધી હતી. જો કે પાઈપલાઈનના વાલ્વમાં યુવતીનું માથું ફસાઈ જતાં ૮ દિવસે હત્યાનો ભેદ ખુલ્યો હતો. આ મામલે પોલીસે હત્યાના ખુલાસાઓ કર્યા છે.

મળતી માહિતી અનુસાર, પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મૂળ બગસરાની દીપાબેન ૮ વર્ષ પહેલાં રાજકોટના જગદીશ સોલંકી સાથે લગ્ન કરીને રહેતી હતી. બંને વચ્ચે મનમેળ ન રહેતા, એક વખત મારામારી થઈ હતી, જેથી પડોશી હબીબશા (ઉ.વ.૪૫) દીપાબેનને હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાર બાદ ધીરે ધીરે બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. જે બાદ દીપાબેન હબીબશા સાથે રહેવા લાગી હતી. હબીબશા પોતે પરણિત અને ૩ સંતાનનો પિતા છે, જે રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેની પત્ની રૂખશાના સાથે તેને છેલ્લા ૧૫ વર્ષથી અબોલા છે. પતિની હરકતો રૂખશાનાને પસંદ ના હોય, બંને એકબીજાથી દૂર રહેતા હતા. દીપા ગોંડલમાં ક્યારેક માંડવીચોક તો ક્યારેક ફુટપાથ અને ક્યારેક હબીબશાની રીક્ષામાં રહેતી હતી. હબીબશા પણ ઘરે ક્યારેક જ જતો, બાકી દિપા સાથે રહેતો હતો. છેલ્લા દોઢ કે ૨ વર્ષથી આ સિલસિલો ચાલી રહ્યો હતો. અંતે સગીર પુત્રને જાણ થતા પુત્રએ ખેલ પાડ્યો હતો.

વધુમાં, પિતાના સગીર પુત્રને પિતાના અવૈધ સંબંધની જાણ થતાં તે નારાજ થયો હતો. ૮ દિવસ પહેલાં હબીબશાનો સગીર પુત્ર દીપાબેનને એક્ટિવા પર બેસાડી વેરીતળાવ લઈ ગયો હતો. જ્યાં તેના પિતાના અવૈધ સંબંધને લઈને દીપાબેન સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી ઉશ્કેરાયેલા સગીરે દીપાને પાટું મારીને તળાવમાં ધક્કો મારીને મોતને ઘાટ ઉતારી હતી. તળાવનાં ઉંડા પાણીમાં ધકેલાયેલી દિપાને બચાવનારૂં કોઇ ના હોય ઊંડા પાણીમાં ડૂબી જવાથી દીપાબેનનું મૃત્યુ થયું હતું. તળાવની અંદર કાંઠા પર ગોંડલને પાણી સપ્લાય કરતી ટાંકી હોય, પાણીનાં પ્રવાહમાં દિપાનો મૃતદેહ ખેંચાઇને કોઠા સુધી પહોંચી ગયો હતો. જેથી પાઈપલાઈનના વાલ્વમાં માથુ ફસાઈ જતાં પાણીનો ફોર્સ ઘટી ગયો હતો અને પાણી ધીમું આવતું હતું. જેથી નગરપાલિકાની વોટરવર્કસની ટીમે તપાસ કરતાં ૮ દિવસે દિપાની લાશ મળી હતી. આમ ભટકેલી જીંદગી જીવતી દિપા અંતે મોતને ભેટી હતી.

પોલીસે આ મામલે તપાસ કરતા, દિપાના હાથના કાંડા પર જે.ડી તથા દિપા નામનું ટેટુ ચિતરાવેલું હતું. જેના આધારે રાજકોટ રૂરલ LCB PI વી. વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ PSI એચ. સી. ગોહિલ, ASI બાલકૃષ્ણ ત્રિવેદી, હેડ કોન્સ્ટેબલ અનીલ ગુજરાતી, ભગીરથ જાડેજા, વાઘા આલ અને મહીપાલ ચુડાસમા સહિતની ટીમે અજાણી લાશનો ભેદ ઉકેલી નાખ્યો હતો. પોલીસે સગીર પુત્રની ધરપકડ કરીને આગળની યોગ્ય તપાસ હાથ ધરી છે.

# યુટ્યુબે કર્યો કાંડ યુવક અને એક સગીરે ચેનલ પરથી શીખ્યા ડુપ્લિકેટ દારૂ બનાવતા

નવસારી,

નવસારીના વિજલપોરમાં રહેતા એક યુવક અને એક સગીરે યુટ્યુબ ચેનલ પરથી ડુપ્લિકેટ દારૂ બનાવવાનું શીખ્યા હોવાની ઘટના સામે આવી છે,તેમને ડુપ્લિકેટ દારૂ બનાવ્યો અને તેનું વેચાણ શરૂ કર્યું. વર્ષ ૨૦૨૩ માં, નવસારી SOG પોલીસે માહિતીના આધારે આ સમગ્ર રેકેટ પર દરોડા પાડ્યા. પરંતુ એક વર્ષ પછી FSL રિપોર્ટ આવ્યા બાદ, પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી, સગીરની અટકાયત કરી અને તપાસ તેજ કરી. આ ઘટનામાં સામેલ યુવકની ઓળખ હિમાંશુન પટેલ તરીકે થઈ છે, જેણે તેના સગીર સાથી સાથે મળીને નવસારીના વિજલપોર વિસ્તારમાં લેક્યુ રેસિડેન્સી સ્થિત તેના ઘરે ડુપ્લિકેટ દારૂ બનાવવાનું શરૂ કર્યું હતું. હિમાંશુ અને તેના નાના મિત્રએ સોશિયલ મીડિયા સાઈટ યુટ્યુબ પર ડુપ્લિકેટ દારૂ બનાવવાના વીડિયો જોઈને દારૂ બનાવવાનું શીખ્યા. બંનેએ જરૂરી ISO પ્રોફાઈલ આલ્કોહોલ સ્પિરિટ અને આલ્કોહોલ વ્હિસ્કી ફ્લેવર ઓનલાઈન ઓર્ડર કર્યો હતો. તેઓએ રંગ અને અન્ય ઘટકોનું મિશ્રણ કરીને ડુપ્લિકેટ દારૂ પણ બનાવ્યો, જે બોટલમાં ભરીને જોન ડિલક્સ વ્હિસ્કી કંપનીના પેકેજિંગમાં વેચવામાં આવતો હતો. ડિસેમ્બર ૨૦૨૩ માં નવસારી પોલીસને આ અંગે માહિતી મળતા જ SOG ટીમે હિમાંશુના ઘરે દરોડો પાડ્યો હતો અને સ્થળ પરથી આલ્કોહોલ સ્પિરિટ, વ્હિસ્કી ફ્લેવર, કલર, સ્ટીકર અને જોન ડિલક્સ વ્હિસ્કી બોટલ સહિતની વસ્તુઓ જપ્ત કરી હતી.

## તંત્રીલેખ...

### ઉત્તરાખંડનો યુનિફોર્મ સિવિલ કોડ: સુધારો કે પછી બંધારણનું ઉલ્લંઘન?

ભારતના બંધારણના આર્ટિકલ ૪૪ મુજબ કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં નાગરિકો માટે યુનિફોર્મ સિવિલ કોડ સુનિશ્ચિત કરવા પ્રયાસ કરશે. વિચારધારા પ્રેરિત ભાજપે 'યુનિફોર્મ સિવિલ કોડ' શબ્દો પર ભાર મુક્યો છે. આ સમજી શકાય છે, પણ આપણે 'નાગરિકો' તેમજ 'સમગ્ર દેશ' શબ્દોની અવગણના ન કરી શકીએ.

બંધારણનો ઉદેશ છે કે પ્રત્યેક નાગરિકને ભારતમાં કોઈપણ સ્થળે રહેવાનો અથવા સ્થાયી થવાનો અધિકાર છે અને દરેક નાગરિક પર તમામ સ્થળોએ એક સમાન સિવિલ કોડ લાગુ હોવો જોઈએ. રાજ્યની જવાબદારી તમામ નાગરિકો માટે અધિકારો સુનિશ્ચિત કરવાની છે. સંસદે મોટાભાગે એવી જવાબદારી પૂર્ણ કરી છે કે ભારતના નાગરિકો પર કોન્ટ્રાક્ટનો સમાન કાયદો, લિમિટેશનનો સમાન કાયદો, કોઈપણ સિવિલ કોર્ટમાં સમાન પ્રક્રિયા તેમજ નાગરિકના સિવિલ જીવન સંબંધિત બાબતો (ફોજદારી બાબતોથી વિપરીત) સમાન રીતે લાગુ પડે.

સંસદ ચોક્કસપણે લગ્ન, છૂટાછેડા અને વારસા જેવી અન્ય સિવિલ બાબતો પર કાયદા બનાવવાની જવાબદારી ઉપાડી શકે. જો કે, લગ્ન અને છૂટાછેડા અથવા ઉત્તરાધિકાર અને વારસા સંબંધિત કાયદો બનાવવાની જવાબદારી ઉત્તરાખંડ રાજ્યએ ઉપાડીને પોતાના અહંકારનું પ્રદર્શન કર્યું છે. સૌ પ્રથમ તો, ઉત્તરાખંડ એવું નક્કી ન કરી શકે કે આ કાયદો ભારતના તમામ નાગરિકોને લાગુ પડશે. ઉત્તરાખંડમાં જન્મ્યા હોય તેવા કિસ્સામાં પણ રાજ્યનો કાયદો વ્યક્તિ ઉત્તરાખંડમાં રહેતો હોય ત્યાં સુધી જ લાગુ પડે. જો વ્યક્તિને અમુક કાયદો પસંદ ન હોય, તો તે સંબંધિત રાજ્ય છોડી શકે છે. ઉત્તરાખંડમાં રહેતી બે વ્યક્તિઓ આ રાજ્યની બહાર લગ્ન કરી શકે છે. બીજું, ઉત્તરાખંડ એવી ધારણા ન રાખી શકે કે તેનો કાયદો ઉત્તરાખંડમાં જન્મેલી વ્યક્તિને સમગ્ર દેશમાં લાગુ પડશે. આવી વ્યક્તિ ઉત્તરાખંડની બહાર લગ્ન કરે અથવા બાળક દત્તક લે અથવા રજિસ્ટર કરે, તો કાયદાના અમલનો સવાલ ઉપસ્થિત થશે. ઉત્તરાખંડનો કાયદો સંસદીય કાયદાથી વિપરીત હોય તેવા કિસ્સામાં સંસદનો કાયદો અમલમાં આવશે. ઉત્તરાખંડે ભલે યુસીસી બનાવ્યો હોય, પણ વાસ્તવિક રીતે કેન્દ્ર સરકાર રાજ્યના ખભે બંદૂક મૂકીને પ્રહાર કરી રહી હતી. આ ચકાસણી માત્ર હતી. અપેક્ષા મુજબ, કાયદાએ વિવાદ જન્માવ્યો છે કારણ કે યુસીસીના વિચારની ચકાસણી કરવા રચાયેલી સક્ષમ બોડી, ૨૧માં લો કમિશને પોતાના ૩૧ ઓગસ્ટ, ૨૦૧૮ના રિપોર્ટમાં જણાવ્યું હતું કે આ કમિશને યુનિફોર્મ સિવિલ કોડની જોગવાઈ કરવાના સ્થાને ભેદભાવ સર્જતા કાયદાનો અભ્યાસ કર્યો છે, જે આ તબક્કે જરૂરી પણ નથી અને ઈચ્છનીય પણ નથી.

શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

# અમદાવાદમાં ૧૦ વર્ષના માસૂમ પુત્રની પિતાએ કરી હત્યા






અમદાવાદ,

અમદાવાદ શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં બાપુનાગર વિસ્તારમાં રહેતા ૧૦ વર્ષના પુત્રને તેના જ પિતાએ પાણીમાં ઝેરી પાઉડર ભેળવીને પીવડાવી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ૧૦ વર્ષના માસૂમનું મૃત્યુ નિપજતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. હાલ આ ઘટનામાં પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ બાપુનગરમાં આવેલ નર્મદા આવાસમાં રહેતા એક ૧૦ વર્ષના બાળકની ઝેર પીવડાવી હત્યા કરી નાખવામાં આવી હતી. અહીં રહેતા કલ્પેશ ગોહિલે પોતાના પુત્ર ઓમને પાણીમાં ૩૦ ગ્રામ જેટલું સોડિયમ નાઈટ્રેટ નામના ઝેરી પાઉડર ભેળવીને પીવડાવી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટના અંગે પોલીસના જણાવ્યા મુજબ કલ્પેશની પત્ની બહારગામ ગઈ હતી તે સમયે જ બાળકને મારી નાખવાનો તેના પિતા વિચાર આવ્યો હતો. જેના પગલે કલ્પેશે સોડિયમ નાઈટ્રેટ ઝેરી પાઉડર પાણીમાં ભેળવીને તેના પુત્રને આપી દીધું હતું. જે પી લેતા બાળકનું મોત નિપજ્યું હતું.

વધુમાં પોલીસનું એવું કહેવું છે કે બાળકને કોઈ બીમારી હોવાથી પિતા કંટાળ્યો હતો અને તેના કારણે જ આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. તે પોતે પણ આ હત્યા બાદ આત્મહત્યા કરવાનું વિચારી રહ્યો હતો પણ તેની હિંમત તૂટી ગઈ અને તે આ ઘોર પાપ કરી બેઠો હતો. જો કે, કેટલાક અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે પતિ-પત્ની વચ્ચે ચાલતી તકરારને લઈને માસૂમની હત્યા નિપજાવી હતી. આ મામલે પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી લીધી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

**CM** ભૂપેન્દ્ર પટેલનું નામ પણ શામેલ

# ભાજપે તેના ૧૪ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી

## આવનાર ૧૬ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની એટલે કે ગુજરાતમાં ૬૬ જેટલા નગરપાલિકાની ચૂંટણી યોજવાની છે

ગાંધીનગર,

રાજ્યમાં ૩૦ વર્ષથી શાસન ધરાવતી ભારતીય જનતા પાર્ટી દ્વારા ચૂંટણીને લઈ અને માસ્ટર મેનેજમેન્ટ સાથે આયોજનબદ્ધ કામગીરી કરે છે. ભાજપ ચૂંટણીલક્ષી કામગીરીમાં કાર્યકર્તાઓને વિવિધ જવાબદારી સોંપવામાં માહેર છે. ભાજપ જ્યારે લોકસભાની ચૂંટણી હોય, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય કે વિધાનસભાની ચૂંટણી હોય પ્રત્યેક ચૂંટણીને અનુલક્ષીને સ્ટાર પ્રચારકો ગ્રાઉન્ડમાં મોકલતી હોય છેસ્ટાર પ્રચારકો ચૂંટણી પ્રચારની કામગીરી તેમના શિરે રહેતી હોય છે. જેમાં આવનાર ૧૬ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની એટલે કે ગુજરાતમાં ૬૬ જેટલા નગરપાલિકાની ચૂંટણી યોજવાની છે. આ ૬૬ નગરપાલિકાની ચૂંટણી લઈને ભાજપે ૧૪ જેટલા સ્ટાર પ્રચારકો અન્ય યાદી તૈયાર કરી છે.

**સ્ટાર પ્રચારકોની યાદી**

- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ,
- પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ,
- ભાજપના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ
- કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા
- પૂર્વ કેન્દ્રીય મંત્રી રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલા
- ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરજી
- પ્રદેશ ભાજપના મહામંત્રી અને કચ્છ લોકસભા બેઠકના સાંસદ વિનોદ ચાવડા
- ભાજપના મહામંત્રી રજની પટેલ
- ભાજપના યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટ
- રાજયસભાના સાંસદ અને ભાજપના ઓબીસી મોરચાના પ્રમુખ મયંક નાયક
- ભાજપના મહિલા મોરચાના અધ્યક્ષ દીપીકા સરડવા
- પૂર્વ ધારાસભ્ય સીમાબેન મોહીલે
- ધારાસભ્ય ઉદય કાનગડ
- ઠાકોર સમુદાયના અને રાધનપુર બેઠકના ધારાસભ્ય લવિંગજી ઠાકોર ઉલ્લેખનીય છે કે, વર્તમાન ત્રણ સાંસદો, બે કેન્દ્રીય મંત્રીઓ, ભાજપના બે મહામંત્રીઓ, મહિલા મોરચાના અધ્યક્ષ અને યુવા મોરચાના અધ્યક્ષ તેમજ બે ધારાસભ્યોને સ્ટાર પ્રચારક તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. હવે જોવાનું એ રહેશે કે ગ્રાઉન્ડમાં જઈ ભાજપ પ્રચાર-પ્રસારમાં કેટલું જોર અને જોમ દેખાડે છે તે હવે જોવું રહ્યું.

પૂર્વોત્તરમાં પણ ઘટ્યો દબદબો!

# દિલ્હી જ નહીં, દેશના પાંચ રાજ્યમાં કોંગ્રેસનો એકપણ ધારાસભ્ય નથી

નવી દિલ્હી,

દિલ્હીની જનતાએ આમ આદમી પાર્ટી અને ભાજપની બેઠકોમાં ઉલટફેર કર્યો, પરંતુ સતત ત્રીજી વખત કોંગ્રેસની બેઠકોમાં કોઈ પરિવર્તન નથી થયું. ૭૦ વિધાનસભા બેઠકો વાળી કોંગ્રેસને શૂન્ય બેઠકો મળી છે. જો કે, દિલ્હી એક માત્ર એવું રાજ્ય નથી કે જ્યાં કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા શૂન્ય હોય.

દેશમાં ઓછામાં ઓછા ૪ રાજ્યોમાં કોંગ્રેસની પાસે એક પણ ધારાસભ્ય નથી. જેમાં આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા મોટા રાજ્ય પણ સામેલ છે. આ સિવાય સિક્કિમ, નાગાલેન્ડમાં પણ કોંગ્રેસને શૂન્ય બેઠક છે. જ્યારે પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં એક-એક બેઠક કોંગ્રેસ પાસે છે.

આંધ્રપ્રદેશમાં ૨૦૨૪માં મે મહિનામાં વિધાનસભા ચૂંટણી થઈ હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ પૂરી તાકાતથી મેદાનમાં ઉતરી હતી, પરંતુ પાર્ટીને એક પણ બેઠક પર જીત મળી ન હતી. પાર્ટીના વધુ પડતા ઉમેદવારો ત્રીજા નંબરે અથવા તો જમાનત જપ્ત કરાવી બેઠા હતા. આંધ્રપ્રદેશમાં દ્રઢછ ગઠબંધન પાસે ૧૬૪ ધારાસભ્ય છે. જ્યારે વિપક્ષી રૂજીઇની પાસે ૧૧ ધારાસભ્ય છે. રસપ્રદ વાત એ છે કે, આંધ્રપ્રદેશમાં વર્ષ ૨૦૧૪માં કોંગ્રેસ સરકારમાં રહી છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ૨૯૪ બેઠક છે. ૨૦૨૧માં મે મહિનામાં અહીં ચૂંટણી યોજવામાં આવી હતી. કોંગ્રેસ અહીં લેફ્ટ ફ્રન્ટની સાથે મેદાનમાં ઉતરી હતી, પરંતુ તેને જીત ન મળી શકી. બંગાળમાં પહેલીવાર કોંગ્રેસ શૂન્ય પર સમેટાઈ ગઈ. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની સરકાર છે અને પાર્ટીની પાસે ૨૨૪ ધારાસભ્ય છે. ત્યારે વિપક્ષી ભાજપ પાસે અહીં ૬૬ ધારાસભ્ય છે.

૨૦૨૨માં મુર્શિદાબાદના સાગરદિઘી બેઠક પર કોંગ્રેસને જીત પણ મળી, પરંતુ ધારાસભ્ય તૃણમૂલ કોંગ્રેસમાં જોડાઈ ગયા. ત્યારબાદ અત્યાર સુધી બંગાળમાં જેટલી પણ પેટાચૂંટણી થઈ છે, તેમાં કોંગ્રેસને જીત નથી મળી શકી.

સિક્કિમમાં કુલ ૩૨ વિધાનસભા બેઠકો છે. એક સમયે કોંગ્રેસ અહીં મજબૂત સત્તામાં હતી, પરંતુ હવે સિક્કિમમાં તેની પાસે એક પણ બેઠક નથી. સિક્કિમમાં પણ કોંગ્રેસ શૂન્ય પર ઉભી છે. સિક્કિમની બધી ૩૨ બેઠકો સિક્કિમ ક્રાંતિકારી મોરચાના કબજામાં છે. SKM અહીં ભાજપ સાથે ગઠબંધનમાં છે.

નાગાલેન્ડમાં કુલ ૬૦ વિધાનસભા બેઠકો છે. અહીં ફેબ્રુઆરી ૨૦૨૩માં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ હતી. કોંગ્રેસ પાર્ટી અહીં એક પણ બેઠક જીતી શકી નથી. નાગાલેન્ડમાં, NDPP પાસે ૨૫ ધારાસભ્યો છે, BJP પાસે ૧૨, NCP પાસે ૭, NPP પાસે ૫, LJP (R) પાસે ૨ અને RPI પાસે ૨ ધારાસભ્યો છે. આ ઉપરાંત, નાગાલેન્ડમાં NPFના ૨ અને ૫ અપક્ષ ધારાસભ્યો છે. રસપ્રદ વાત એ છે કે નાગાલેન્ડમાં બધા જ પક્ષો સરકારનો ભાગ છે. અહીં કોઈ વિરોધ નથી.

અરુણાચલ વિધાનસભામાં કુલ ૬૦ બેઠકો છે. આ પૂર્વોત્તર રાજ્યમાં NDA પાસે ૫૯ બેઠકો છે, જ્યારે કોંગ્રેસ પાસે એક ધારાસભ્ય છે. તેવી જ રીતે, મેઘાલય અને મિઝોરમમાં કોંગ્રેસના એક-એક ધારાસભ્ય છે. તેવી જ રીતે, મણિપુર અને પુડુચેરીમાં કોંગ્રેસના બે-બે ધારાસભ્યો છે. તાજેતરમાં સુધી, પુડુચેરીમાં કોંગ્રેસની સરકાર હતી. મણિપુરમાં પણ કોંગ્રેસનો દબદબો રહ્યો છે.

### સુપ્રીમ કોર્ટે પોલીસને ફટકાર લગાવી

# કારણ વગર ધરપકડ ગેરકાયદેસર છે, બંધારણનું ઉલ્લંઘન છે

## અટકાયત કરાયેલા દરેક વ્યક્તિનો એ મૂળભૂત અધિકાર છે કે ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક ઐતિહાસિક ચુકાદામાં કહ્યું હતું કે બંધારણની કલમ ૨૨(૧) હેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિને તેની ધરપકડના કારણો વિશે જાણ કરવી એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ એક આવશ્યક બંધારણીય જરૂરિયાત છે. જો આ જોગવાઈનું પાલન કરવામાં નહીં આવે તો ધરપકડ ગેરકાયદેસર ગણવામાં આવશે. જસ્ટિસ એ.એસ.ઓકા અને જસ્ટિસ એન.કે.સિંઘની બેંચે કલમ ૨૨(૧)નું પાલન ન કરવાને કારણે હરિયાણા પોલીસ દ્વારા કરાયેલી ધરપકડને ગેરકાયદેસર જાહેર કરી અને આરોપીને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. ખંડપીઠે કહ્યું કે કલમ ૨૨ને મૂળભૂત અધિકારો હેઠળ બંધારણના ભાગ ૩માં સામેલ કરવામાં આવી છે.

આમ, ધરપકડ કરાયેલા અને અટકાયત કરાયેલા દરેક વ્યક્તિનો એ મૂળભૂત અધિકાર છે કે ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી. જો ધરપકડ પછી ધરપકડના કારણોની જાણ શક્ય તેટલી વહેલી તકે કરવામાં નહીં આવે, તો તે કલમ ૨૨(૧) હેઠળ ધરપકડથી બચવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન હશે.

ખંડપીઠે કહ્યું, બંધારણના ભાગ III હેઠળના મૂળભૂત અધિકારો હેઠળ કલમ ૨૨નો સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી, ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી એ દરેક ધરપકડ કરાયેલ વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. જો આમ કરવામાં નહીં આવે, તો તે કલમ ૨૨(૧) હેઠળ આપેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન હશે અને ધરપકડ ગેરકાયદેસર બની જશે.

જસ્ટિસ એન.કે.સિંહે કહ્યું કે ધરપકડના કારણોની જાણ માત્ર ધરપકડ કરાયેલ વ્યક્તિને જ નહીં પરંતુ તેના મિત્રો, સંબંધીઓ અથવા તેના દ્વારા નામાંકિત અન્ય વ્યક્તિઓને પણ કરવી જોઈએ, જેથી તેઓ કાયદાકીય પ્રક્રિયા દ્વારા ધરપકડને પડકારી શકે અને તેની મુક્તિ સુનિશ્ચિત કરી શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પંકજ બંસલ દ્રજ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં તેણે સૂચન કર્યું હતું કે ધરપકડના આધારો સાથે વાતચીત કરવાનો યોગ્ય અને આદર્શ માર્ગ લેખિતમાં ધરપકડનું કારણ પ્રદાન કરવું છે. જ્યારે તેણે કહ્યું કે ધરપકડના કારણોને લેખિતમાં જાણ કરવાની કોઈ આવશ્યકતા નથી, જો લેખિત પદ્ધતિનું પાલન કરવામાં આવે તો અનુપાલન અંગેનો વિવાદ જરા પણ ઊભો થશે નહીં.

જસ્ટિસ ઓકાએ કહ્યું, અમેરિકાનું કારણ લેખિતમાં આપવાની જરૂર ન હોવા છતાં, લેખિતમાં આપવાથી વિવાદનો અંત આવશે. પોલીસે હંમેશા કલમ ૨૨ની જરૂરિયાતોનું કડકપણે પાલન કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કલમ ૨૨(૧)નું પાલન ન કરવાને કારણે ધરપકડ ગેરકાયદેસર છે, તો મેજિસ્ટ્રેટે ધરપકડની કાયદેસરતાની તપાસ કરવી જોઈએ. મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું એ અદાલતોની ફરજ છે. બેન્ચે કહ્યું, કલમ ૨૨(૧)ના ઉલ્લંઘનના કિસ્સામાં, કોર્ટ આરોપીને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપશે. કાયદા હેઠળ જામીન પર પ્રતિબંધ હોય તો પણ આ જામીન આપવાનો આધાર બનશે.

### ફાયર વિભાગની ૧૪ ગાડીઓ દોડી

# અમદાવાદમાં બુલેટ ટ્રેન સ્ટેશનમાં ભીષણ આગ

અમદાવાદ,

અમદાવાદમાં બુલેટ ટ્રેન સ્ટેશનની કન્સ્ટ્રક્શન સાઈટ પર આગની દુર્ઘટનાથી ચકચાર મચી જવા પામ્યો છે. શનિવારે (૮ ફેબ્રુઆરી) વહેલી સવારે આ બનાવ બન્યો હતો. જોકે, અત્યાર આ અકસ્માતમાં કોઈ જાનહાનિની માહિતી સામે આવી નથી. આગ એટલી ભયંકર હતી કે ૧ નહીં ૨ નહીં પરંતુ ૧૪ ફાયર બ્રિગેડની ટોમો બોલાવી પડી હતી. ફાયર વિભાગ બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો.

ગુજરાતના અમદાવાદમાં વહેલી સવારે ૬:૩૦ વાગ્યે સાબરમતી વિસ્તારમાં નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનમાં આગ લાગી હતી. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ **(NHSRLC)** તરફથી આ ઘટનાને લઈને નિવેદન આપવામાં આવ્યું છે. આ નિવેદનમાં જણાવવામાં આવ્યું કે, નિર્માણાધીન સ્ટેશનના એક ભાગમાં છતના શટરિંગમાં આગ લાગી હતી.

પહેલી નજરે જોતા આગ લાગવાનું કારણે વેલ્ડિંગ સ્પાર્ક હોય શકે છે. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિની ઘટના નોંધાઈ નથી. આગની સૂચના મળતાં જ ૧૪ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આગ પર કાબુ મેળવવામાં ફાયર વિભાગને લગભગ ૨ કલાક જેટલો સમય લાગ્યો હતો.

કન્સ્ટ્રક્શન સાઈટ પર ભીષણ આગ લાગતાં મજૂરોમાં દોડધામ મચી ગઈ હતી. બુલેટ ટ્રેન સ્ટેશનની કન્સ્ટ્રક્શન સાઈટ પર આગ લાગતાં પ્રોજેક્ટના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફાયરબ્રિગેડને સ્થાનિક મજૂરોના જણાવ્યા મુજબ, વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું એ દરમિયાન લાકડામાં આગ લાગી હતી. એ બાદ પવન ફૂંકાવાને કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ છે.

### ગેરકાયદે વિદેશમાં ઘૂસાડતા એજન્ટ્સ પર તવાઈ

# અંદાજે ૧,૭૦૦ એજન્ટ્સ સહિત દેશભરના એજન્ટો ઈડીના રડારમાં

## ભારતમાં અંદાજે ૩,૫૦૦ એજન્ટ્સ ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે ઘૂસાડવાનું કામ કરતા હોવાનું મનાય છે

અમદાવાદ,

તાજેતરમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૧૦૪ ભારતીયોના મુદ્દા પર સંસદથી લઈને લઈને રાજ્ય સ્તરે ચર્ચા ચાલી રહી છે ત્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઇડી) ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે ઘૂસાડતા એજન્ટોના નેટવર્કનો ઘટસ્ફોટ કરતા કહ્યું કે, ગુજરાતમાં અંદાજે ૧,૭૦૦ એજન્ટ્સ અને સમગ્ર ભારતમાં અંદાજે ૩,૫૦૦ એજન્ટ્સ ભારતીયોને અમેરિકામાં ગેરકાયદે ઘૂસાડવાનું કામ કરતા હોવાનું મનાય છે, જેમાંથી ૮૦૦ એક્ટિવ છે તે તમામ ઈડીના રડારમાં છે.

આ સિવાય કેનેડામાં ૧૧૨ કોલેજોએ એક કંપની અને અન્ય કંપની સાથે ૧૫૦થી વધુ કોલેજો સાથે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે કરાર કર્યા છે. જેમને પાછળથી ગેરકાયદે રીતે અમેરિકામાં ઘૂસાડવામાં આવે છે. તે અમેરિકામાં ગેરકાયદે રીતે ઘૂસનારા ૪,૨૦૦ ભારતીયોની તપાસ કરી રહી છે.

ઈડીની તપાસમાં એવુ પણ બહાર આવ્યુ છે કે ગુજરાત પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કેનેડાની સરહદે ડિંગુચા ગામના એક જ પરિવારના ચાર લોકોના મોતના પગલે ૨૦૨૩માં નોંધેલી એફઆઈઆરને ધ્યાનમાં લઈને એન્ટી-મની લોન્ડરિંગ કાયદા હેઠળ તેમણે તપાસ હાથ ધરી હતી, જેમાં ગુજરાતથી કેનેડા સ્થિત વિવિધ કોલેજોમાં કરાયેલા ૮,૫૦૦થી વધુ નાણાકીય વ્યવહારો શંકાસ્પદ હોવાનું જણાયું છે. ગુજરાત અને પંજાબ સ્થિત એજન્ટો વિરુદ્ધ ચાલી રહેલી તપાસ હેઠળ ઈડીને ભારતીયોને કેનેડા મોકલવા અને ત્યાંથી અમેરિકા લઈ જવા સંબંધિત ૪,૦૦૦થી વધુ શંકાસ્પદ લેવડ-દેવડ મળી છે. આ એજન્ટ્સ નિયમિતરૂપે અલગ અલગ માર્ગથી લોકોને ગેરકાયદે રીતે અમેરિકા મોકલે છે. ગેરકાયદે ભારતીયોને મોકલતા એજન્ટોની મોડસ ઓપરેન્ડી અંગે ઈડીએ જણાવ્યું હતુ કે અનેક એજન્ટોએ અમેરિકામાં ભારતીયોને ગેરકાયદે રીતે ઘૂસાડવા માટે શિક્ષણનો માર્ગ અપનાવ્યો છે. તેના હેઠળ અમેરિકા જવા ઈચ્છતા ભારતીયોને કેનેડાની કોલેજોમાં પ્રવેશ અપાવાય છે.

આ પ્રવેશના આધારે તેમને કેનેડાના વિઝા મળે છે અને તેઓ ભારતથી કેનેડા પહોંચી જાય છે, પરંતુ આ વિદ્યાર્થીઓ ક્યારેય કોલેજ જતા નથી અને કેનેડામાં એજન્ટો દ્વારા જમીન માર્ગે અમેરિકા પહોંચે છે.

### એનિમિયા એ સામાન્ય રક્ત સમસ્યા છે

# ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ સગર્ભા સ્ત્રીઓ એનિમિયાથી પીડાય છે

નવી દિલ્હી,

ભારતમાં બિહાર, ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ સગર્ભા સ્ત્રીઓ એનિમિયાથી પીડાય છે. સ્વાસ્થ્ય મંત્રાલયે શુક્રવારે આ જાણકારી આપી. સરકારી આંકડા મુજબ બિહારમાં ૬૩.૧ ટકા ગર્ભવતી મહિલાઓ એનિમિયાથી પીડિત છે. આ પછી ગુજરાતમાં ૬૨.૬ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૬૨.૩ ટકા ગર્ભવતી મહિલાઓમાં એનિમિયા જોવા મળ્યો હતો.

એનિમિયા થાક, નબળાઈ અને શ્વાસ લેવામાં તકલીફ જેવી ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે. એનિમિયાને લીધે, શરીરના પેશીઓને તંદુરસ્ત લાલ રક્ત કોશિકાઓ અથવા હિમોગ્લોબિન મળતા નથી જે ઓક્સિજન વહન કરવા માટે જરૂરી છે.

લોકસભામાં આ વાતનો ખુલાસો કરતાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૫ (૨૦૧૯-૨૧) અનુસાર સમગ્ર દેશમાં ૧૫ થી ૪૯ વર્ષની મહિલાઓમાં એનિમિયાનું પ્રમાણ ૫૭.૦ ટકા છે. તે જ સમયે, સમગ્ર દેશમાં ૬ થી ૫૯ મહિનાના બાળકોમાં એનિમિયાનું પ્રમાણ ૬૭.૧ ટકા છે. તેમણે કહ્યું કે, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૫ (૨૦૧૯-૨૧) અનુસાર, દેશભરમાં સગર્ભા સ્ત્રીઓ (૧૫ થી ૪૯ વર્ષ)માં એનિમિયાનો વ્યાપ ૫૨.૨ ટકા છે. પ્રોફીલેક્ટીક આયર્ન અને ફોલિક એસિડ સપ્લીમેન્ટેશન સહિત છ હસ્તક્ષેપના અમલીકરણ દ્વારા જીવન ચક્રમાં મહિલાઓ અને બાળકોમાં એનિમિયાના વ્યાપને ઘટાડવા માટે ભારત સરકાર એનિમિયા મુક્ત ભારત વ્યૂહરચનાનો અમલ કરે છે.

પટેલે જણાવ્યું હતું કે, ભારત સરકાર મહિલાઓ અને બાળકોમાં એનિમિયાના વ્યાપને ઘટાડવા માટે એનિમિયા મુક્ત ભારત વ્યૂહરચનાનો અમલ કરી રહી છે, જે અંતર્ગત છ પગલાં અમલમાં મૂકવામાં આવી રહ્યા છે, જેમાં પ્રોફીલેક્ટિક આયર્ન અને ફોલિક એસિડ પૂરક, કૃમિનાશક અને અન્યનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ દરમિયાન તમામ બાળકોને આલ્બેન્ડાઝોલની ગોળીઓ આપવામાં આવે છે. એનિમિયા માટે પરીક્ષણ અને વ્યવસ્થાપનમાં પ્રોટોકોલ મુજબ સારવાર, જાહેર આરોગ્ય કાર્યક્રમોમાં **IFA** ફોર્ટિફાઈડ ફૂડની ફરજિયાત જોગવાઈ અને મજબૂત સંસ્થાકીય પદ્ધતિઓ દ્વારા એનિમિયાના બિન-પોષક કારણો, ખાસ કરીને મેલેરિયા, ફ્લોરોસિસ અને હિમોગ્લોબિનોપેથીને સંબોધિત કરવાનો સમાવેશ થાય છે.

અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે, "૬ થી ૫૯ મહિનાની વયના બાળકોને દર બે અઠવાડિયે **IFA** સિરપ આપવામાં આવે છે. પ્રજનન વય જૂથની મહિલાઓને દર અઠવાડિયે **IFA Red** ગોળીઓ આપવામાં આવે છે. સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓને દરરોજ ૧૮૦ દિવસ સુધી **IFA** રેડ ગોળીઓ આપવામાં આવે છે."

એનિમિયા એ એક સામાન્ય રક્ત વિકાર છે જેમાં શરીરમાં લાલ રક્ત કોશિકાઓ અથવા હિમોગ્લોબિનની ઉણપ હોય છે જે લાલ રક્ત કોશિકાઓને ઓક્સિજન વહન કરવામાં મદદ કરે છે, જ્યારે શરીરને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન મળતો નથી અને શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

Printed, Published and Owned by **KRIPASHANKAR HARIRAM VERMA** and Printed at Shree Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380 004 and Published from 262, Shri Ganeshnagar, Visat Cross Road, Sabarmati, Ahmedabad-380 005. EDITOR : **KRIPASHANKAR HARIRAM VERMA**